# નૂતન નાગરિક સહકારી બેંક લિ.

(મલ્ટી સ્ટેટ-શિડયુલ્ડ બેંક)

રજીસ્ટર્ડ ઓફિસ : સેન્ટ્રલ (એડમીની) ઓફિસ :- સમર્થેશ્વર મહાદેવ સામે, લૉ-ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

ફોન : ૨૬૪૪૩૭૨૪, ૨૬૪૪૪૫૫૮ E-mail: admin@nutanbank.com Website: www.nutanbank.com

## ત્રેપનમી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

મહેરબાન સભાસદ સાહેબ,

આથી બેંકના સર્વે સભાસદોને જણાવવામાં આવે છે કે બેંકની ત્રેપનમી (૫૩મી) વાર્ષિક સાધારણ સભા તા. ૧૧-૦૭-૨૦૨૪ ને ગુરૂવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે જે.બી. ઓડીટોરીયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA), આઈ.આઈ.એમ. રોડ, અમદાવાદ ખાતે નીચે દર્શાવેલ કામકાજ સારૂ મળશે તો આપને હાજર રહેવા વિનંતી છે.

## : કાર્યસૂચિ :

૧. તા. ૦૩-૦૮-૨૦૨૩ની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલી આપવા.

૨. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી રજૂ થયેલા હિસાબી વર્ષ ૨૦૨૩-૨૦૨૪ નો રિપોર્ટ, બેંકનું ઓડિટેડ સરવૈયું અને નફા-તોટાના હિસાબો મંજૂર કરવા.

૩. ઓડિટર્સના રિપોર્ટની નોંધ લેવા.

૪. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરફથી ભલામણ થયેલ નફાની વહેંચણી તથા સૂચિત ડિવિડન્ડ મંજૂર કરવા.

૫. હિસાબી વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે બેંકનું વાર્ષિક બજેટ મંજૂર કરવા.

૬. હિસાબી વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે બેંકના હિસાબ તપાસવા માટે ઓડિટરની નિયુક્તિ કરવા (RBIની માર્ગદર્શિકા મુજબ) તથા તેઓનું મહેનતાણું નક્કી કરવા.

૭. બોર્ડના સભ્યો અથવા ચીફ એક્ઝીક્યુટીવના સગા (RBIની વ્યાખ્યા મુજબ) હોય તેવા કર્મચારીઓની નોંધ લેવા.

૮. બેંકના બાકીદારો પાસેથી વસુલ ન આવતી લેણી રકમ માંડી વાળવાની મંજૂરી બાબત.

૯. ચેરમેનશ્રીની મંજૂરીથી જે કંઈ કામકાજ રજૂ થાય તે ઉપર વિચારણા કરી નિર્ણય લેવા.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સૂચનાથી

અશોક કાપડીયા

જનરલ મેનેજર એન્ડ સી.ઈ.ઓ.

અમદાવાદ

તા. : ૧૨/૦૬/૨૦૨૪

---

## -: નોંધ :-

૧. સભામાં ઉપસ્થિત રહેનાર અધિકૃત સભાસદે હાજરીની સહી કરવાની રહેશે.

૨. સભાસદ સિવાય અન્યને વાર્ષિક સાધારણ સભામાં પ્રવેશ આપવા દેવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેવા વિનંતી.

૩. કોરમના અભાવે મીટીંગ મુલત્વી રહેશે તો તે જ દિવસે અડધા કલાક બાદ તે જ સ્થળે ફરીથી મળશે.

૪. જે સભાસદોને વાર્ષિક અહેવાલની નકલ જોઈતી હોય તેઓએ બેંકની રજીસ્ટર્ડ ઓફિસ પરથી કામકાજના સમય દરમ્યાન મેળવી લેવા વિનંતી છે. સભાસદોને વાર્ષિક સાધારણ સભાની નોટીસ તેઓના બેંકમાં નોંધણી કરાવેલ મોબાઈલ નંબર પર SMS થી લીંક દ્વારા મોકલવામાં આવેલ છે તથા જે સભાસદોએ બેંકમાં E-mail ID ની નોંધણી કરાવેલ છે તેઓને વાર્ષિક સાધારણ સભાની નોટીસ E-mail દ્વારા મોકલવામાં આવેલ છે.

૫. જે સભાસદને સરવૈયા તથા નફા-તોટાના હિસાબો અંગે વધુ માહિતી જોઈતી હોય અગર પૂછપરછ કરવી હોય તો સાધારણ સભાની તારીખથી સાત દિવસ અગાઉ બેંકમાં લેખિત માંગણી મોકલી આપવા વિનંતી છે, જેથી સભામાં તેનો ખુલાસો કરી શકાય.

૬. બેંકના પેટા-કાયદા અનુસાર બેંકના દરેક સભાસદે બેંકની એક સેવા લેવી જરૂરી છે. બેંકના દરેક સભાસદ/સભાસદ પેઢીઓને વિનંતી કે તેઓ આપણી બેંકમાં બચત/ચાલુ ખાતુ ખોલાવે. જેથી તેમને ચૂકવવા પાત્ર ડિવિડન્ડની રકમ ખાતામાં જમા કરવામાં સુગમતા રહે.

૭. સર્વે સભાસદોને બેંકના રેકોર્ડમાં નોમીનીની વિગતની નોંધ કરાવી લેવા વિનંતી.

**૮. રિઝર્વ બેંકના આદેશ અનુસાર દરેક સભાસદના KYC સંબંધિત પુરાવા લેવાનું ફરજીયાત છે. આથી સભાસદોને KYC સંબંધિત પુરાવા બેંકમાં પહોંચાડવા વિનંતી.**

૯. જે સભાસદો ચાર શેર્સ ધરાવતા હોય તેઓએ બેંકના નિયમ મુજબ ઓછામાં ઓછા ચાલીસ (૪૦) શેર્સ ધરાવવા જરૂરી છે. આ માટે નજીકની શાખાનો સંપર્ક કરવા વિનંતી.

૧૦. સભાસદોને તેઓના ઈ-મેઈલ આઈડી તથા મોબાઈલ નંબરની બેંકમાં નોંધણી કરાવવા વિનંતી. જેથી ભવિષ્યમાં પણ અગત્યની માહિતી ઈલેક્ટ્રોનીક માધ્યમથી મોકલી શકાય જેનાથી પર્યાવરણની જાળવણીમાં આપ પણ સહભાગી થઈ શકશો.

# નૂતન નાગરિક સહકારી બેંક લિ.
## (મલ્ટી સ્ટેટ-શિડયુલ્ડ બેંક)

રજીસ્ટર્ડ ઓફિસ : સેન્ટ્રલ (એડમીની) ઓફિસ :-
સમર્થેશ્વર મહાદેવ સામે, લૉ-ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન : ૨૬૪૪૩૭૨૪, ૨૬૪૪૪૫૫૮
**E-mail : admin@nutanbank.com      Website : www.nutanbank.com**
**Regd. No. : MSCS/CR/114/2000   Dated : 13.11.2000**

**સ્થાપના તા. ૪-૧૦-૧૯૭૧**
**બેન્કીંગ લાયસન્સ નંબર : યુબીડીજીજે ૬૨૭ પી તા. ૩૦-૧૦-૧૯૮૬**

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ધનાભાઈ ચીમનલાલ શાહ | ચેરમેન | અમદાવાદ |
| ૨ | શ્રી આનંદભાઈ શરદચંદ્ર પટેલ | વાઈસ ચેરમેન | ” |
| ૩ | શ્રી માલવભાઈ મહેન્દ્રભાઈ ફડિયા | ડિરેક્ટર | ” |
| ૪ | શ્રી સતીષચંદ્ર સંપતરાજ શાહ | ” | ” |
| ૫ | શ્રી રાજેન્દ્રભાઈ માણેકલાલ પટેલ | ” | ” |
| ૬ | શ્રી સુનીલભાઈ હિંમતભાઈ શાહ | ” | ” |
| ૭ | શ્રી પાવનભાઈ રમેશચંદ્ર પરીખ | ” | ” |
| ૮ | શ્રી રાહીલભાઈ નિમેષભાઈ શાહ | ” | ” |
| ૯ | શ્રીમતી નીનાબેન સ્નેહલભાઈ લાવસી | ” | ” |
| ૧૦ | શ્રીમતી પાર્થિવીબેન મિત્તલભાઈ શાહ | ” | ” |
| ૧૧ | શ્રી શિરીષભાઈ અનંતભાઈ જોષી (કો.ઓપ્ટ. પ્રોફેશનલ ડિરેક્ટર) | ” | ” |

## બોર્ડ ઓફ મેનેજમેન્ટ (એક્સટર્નલ મેમ્બર્સ)

૧ શ્રી ચીનુભાઈ નાથાલાલ શાહ (C.A.)
૨ શ્રી ઉમેશચંદ્ર કનૈયાલાલ ત્રિવેદી (LLB, CAIIB, ICWA)
૩ શ્રી ચંપકલાલ મોહનલાલ શાહ (CAIIB)

શ્રી અશોક કાપડીયા
જનરલ મેનેજર એન્ડ
ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર

ઓડિટર
મે. જૈન કેડીયા એન્ડ શર્મા
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્

## : બેંકર્સ :

* રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા
* સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
* યુનિયન બેંક ઓફ ઈન્ડિયા
* યુકો બેંક
* બેંક ઓફ બરોડા
* કેથોલીક સીરીઅન બેંક
* ઈક્વીટાસ સ્મોલ ફાઈનાન્સ બેંક
* એચડીએફસી બેંક
* આઈસીઆઈસીઆઈ બેંક
* આઈડીબીઆઈ બેંક
* કોટક મહિન્દ્ર બેંક
* કરૂર વૈશ્ય બેંક
* એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક
* યસ બેંક
* ઈન્ડસઈન્ડ બેંક
* આરબીએલ બેંક
* એક્સીસ બેંક
* અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક
* ગુજરાત રાજ્ય સહકારી બેંક
* ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંક
* આઈડીએફસી ફર્સ્ટ બેંક

# નૂતન નાગરિક સહકારી બેંક લિ.

(મલ્ટી સ્ટેટ-શિડયુલ્ડ બેંક)

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી ચેરમેન દ્વારા રજૂ થયેલ અહેવાલ

**માનનીય સહકારી સભાસદ મિત્રો,**

**સત્કાર,**

આપણી બેંકની **૫૩મી** વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વેનું સ્વાગત કરતા હું હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું. **આપણી બેંકે યશસ્વી કામગીરીના ૫૩ વર્ષ પૂરા કર્યા છે.** આ ગૌરવપૂર્ણ વર્ષો દરમ્યાન બેંકે તમામ ક્ષેત્રે સારી અને નક્કર પ્રગતિ કરી છે. આ સમગ્ર કામગીરીનો યશ બેંકના **બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ, બિઝનેસ ડેવલપમેન્ટ સમિતીના સભ્યશ્રીઓ, બેંકના સભાસદો, ગ્રાહકો, શુભેચ્છકો અને બેંકના કર્મચારીઓએ** આપેલા અવિરત સહકારને ફાળે જાય છે. હું સર્વેનો **અંતઃકરણપૂર્વક આભાર** માનું છું.

તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજ પૂરા થતા હિસાબી વર્ષના ઑડિટ થયેલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગમાં મંજૂર થયેલ અહેવાલ આપ સમક્ષ બોર્ડના મારા સાથી સભ્યો વતી રજૂ કરતાં આનંદ અનુભવું છું. જેમાં બેંકના તમામ વ્યવહારોની માહિતીનો સમાવેશ કરી, હિસાબોને સંપૂર્ણ પારદર્શકતા સાથે રજૂ કરવાનો વિનમ્ર પ્રયાસ કરેલ છે.

**બેંકની પ્રગતિના સૂચક આંકડા** (રૂા. કરોડમાં)

| વિગત | ૩૧-૦૩-૨૦૨૩ | ૩૧-૦૩-૨૦૨૪ | વધારો | વધારો % |
|---|---|---|---|---|
| ફિક્સ્ડ ડિપોઝીટ | ૧૫૮૫.૮૪ | ૧,૮૦૦.૬૯ | ૨૧૪.૮૫ | ૧૩.૫૫ |
| કરન્ટ ડિપોઝીટ | ૧૭૨.૩૫ | ૨૦૧.૮૬ | ૨૯.૫૧ | ૧૭.૧૨ |
| સેવિંગ ડિપોઝીટ | ૪૪૭.૮૭ | ૫૨૮.૧૧ | ૮૦.૨૪ | ૧૭.૯૨ |
| કુલ ડિપોઝીટ | ૨૨૦૬.૦૬ | ૨,૫૩૦.૬૬ | ૩૨૪.૬૦ | ૧૪.૭૧ |
| ધિરાણ | ૧૩૨૭.૫૯ | ૧,૫૧૩.૩૫ | ૧૮૫.૭૬ | ૧૩.૯૯ |
| શેર કેપિટલ | ૨૪.૪૦ | ૨૩.૯૪ | -૦.૪૬ | -૧.૮૯ |
| ટેક્ષ પહેલાનો નફો | ૧૧.૧૯ | ૧૬.૯૭ | ૫.૭૮ | ૫૧.૬૫ |
| ચોખ્ખો નફો | ૭.૦૮ | ૧૪.૪૨ | ૭.૩૪ | ૧૦૩.૬૭ |
| અનામત ભંડોળ | ૨૭૨.૬૭ | ૨૭૯.૧૧ | ૬.૪૪ | ૨.૩૬ |
| સ્પ્રેડ (ઈન્ટરેસ્ટ) | ૩.૦૩ | ૨.૯૪ | -૦.૦૯ | -૨.૯૭ |
| નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ | ૫૦.૪૯ | ૪૯.૫૨ | -૦.૯૭ | -૧.૯૨ |
| રોકાણ | ૮૭૪.૪૬ | ૯૭૧.૫૭ | ૯૭.૧૧ | ૧૧.૧૧ |
| CRAR | ૧૫.૭૯ | ૧૫.૩૧ | -૦.૪૮ | -૩.૦૪ |
| ગ્રોસ એનપીએ | ૧.૩૮% | ૧.૦૬% | -૦.૩૨ | -૨૩.૧૯ |
| નેટ એનપીએ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

ભારતનું અર્થતંત્ર આંતરિક તથા બાહ્ય અનેક પડકારો હોવા છતાં મજબૂત રીતે આગળ વધી રહયું છે. જેના કારણે બેંકોના ગુણવતા ધરાવતા ધિરાણોમાં વૃધ્ધિ થવાની શક્યતાઓ છે. ૨૦૩૦ સુધીમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બને તે પણ સંભાવનાઓ છે. ભારતનો GDP વૃધિ દર વર્ષ ૨૦૨૩-૨૪ માં ૭.૬% જેટલો રહેલ હતો. જે વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન ૮% જેટલો રહેવાનું અનુમાન છે. ધિરાણનો વૃધ્ધિ દર પણ વર્ષ ૨૦૨૪-૨૫ માં આશરે ૧૫% રહે તેવું અપેક્ષિત છે. વળી, વર્ષ ૨૦૨૪-૨૫ માં ફુગાવાનો દર ૪.૫૦% ની આસપાસ રહે તેવી શક્યતા છે. રિઝર્વ બેંક દ્વારા પણ સતત આઠ વખતથી રેપો રેટમાં (૬.૫૦%) બદલાવ કરવામાં આવેલ નથી તથા દેશની અર્થવ્યવસ્થા પ્રત્યેના દ્રષ્ટિકોણમાં પણ બદલાવ કરેલ નથી. વધુમાં વિતેલા વર્ષ દરમ્યાન રિઝર્વ બેંક દ્વારા અર્બન કો.ઓપરેટીવ બેંકીંગ ક્ષેત્રને મજબૂત બનાવવા સિસ્ટમ તથા પ્રક્રિયામાં ઘણા ફેરફારો કરવામાં આવેલ છે.

વર્ષ દરમ્યાન ટેક્સ્ટાઈલ, મેટલ વગેરે ઉધોગોઓએ થોડા ઘણા અંશે મંદીનો સામનો કરવો પડ્યો. આમ છતાં રીટેઈલ ફાઈનાન્સ જેવાં કે હાઉસીંગ લોન, કાર લોન વગેરેમાં સારી એવી વૃધ્ધિ જોવા મળી હતી. આપણી બેંકે સૌથી વધુ સ્પર્ધાત્મક ધોરણે કારનું ધિરાણ કરેલ હતું. વર્ષ દરમ્યાન આપણી બેંકે રૂા. ૯૭.૯૬ કરોડનું કાર ધિરાણ કર્યું હતું. જેના કારણે બેંકના ગ્રાહક વર્ગમાં ઘણો વધારો થઈ શક્યો છે.

બેંક દ્વારા લઘુ તથા મધ્યમ કદના ઉધોગોને પણ સ્પર્ધાત્મક દરે ધિરાણ કરવામાં આવેલ હતું.

**બેંકની શાખાઓ :**

બેંકની કુલ ૨૩ શાખાઓ પૈકી **૨૧ શાખાઓ અમદાવાદમાં, ૧ શાખા અંધેરી (વેસ્ટ), મુંબઈ તથા ૧ શાખા રીંગ રોડ, સુરત** ખાતે અદ્યતન સુવિધાથી સુસજ્જ છે. બેંકની ૧૮ શાખાઓ પોતાની માલિકીના સુંદર મકાનમાં અદ્યતન ફર્નીચર અને સુવિધા સાથે કામકાજ કરી રહી છે.

**શેર ભંડોળ :**

બેંકનું અધિકૃત શેર ભંડોળ **રૂા. ૩૦ કરોડ મંજૂર થયેલ છે.** બેંકના સભાસદોની સંખ્યા તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજ ૨૪,૦૮૩ થઈ છે. તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધીમાં ભરપાઈ થયેલું શેર ભંડોળ રૂા. ૨૩.૯૪ કરોડ થયેલ છે.

**થાપણ સુરક્ષા વિમો :**

**રિઝર્વ બેંકના તા. ૦૪-૦૨-૨૦૨૦ ના પરિપત્ર મુજબ રૂા. ૫.૦૦ લાખ (પાંચ લાખ પુરા) સુધીની થાપણ DICGC વિમા અંતર્ગત સુરક્ષિત છે. આપણી બેંકે તા. ૩૦-૦૯-૨૦૨૪ સુધીનું DICGC ને પ્રિમીયમ ચુકવેલ છે.**

**સીનીયર સીટીઝન (વરિષ્ઠ નાગરિક)ને ફિક્સ્ડ ડિપોઝીટ ઉપર વધુ વ્યાજ :**

આપણી બેંકમાં સીનીયર સીટીઝન (વરિષ્ઠ નાગરિકો) ને ૩૬૪ દિવસ કે તેથી વધુ સમય માટેની ફિક્સ્ડ ડિપોઝીટ ઉપર પ્રવર્તમાન ડિપોઝીટના વ્યાજ દર કરતાં હાલમાં **૦.૫૦%** વધુ વ્યાજ દર આપવામાં આવે છે.

**બેંક ગેરંટી :**

આપણી બેંકની **બેંક ગેરંટી ગુજરાત રાજયના દરેક ડીપાર્ટમેન્ટમાં સ્વીકારાય છે. તે અંગેની મંજૂરી ગુજરાત સરકારના ફાઈનાન્સ ડીપાર્ટમેન્ટમાંથી મળેલ છે.** આપણી બેંકે ઈનલેન્ડ એલ.સી., બેંક ગેરન્ટી તથા ફોરેન એલ.સી. માટે વિવિધ બેંકો સાથે વ્યવસ્થા કરેલ છે.

**કાર્યકારી ભંડોળ :**

**તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજ બેંકનું કાર્યકારી ભંડોળ રૂા.૨૮૫૩.૯૪ કરોડ થયેલ છે.**

**નફો અને ફાળવણી :**

**બેંકનો ઈન્કમટેક્ષ પહેલાનો વહેંચણી પાત્ર નફો રૂા. ૨૦.૯૭ કરોડ થયો છે. તેમાંથી ઈન્કમટેક્ષ માટેના રૂા.૨.૫૫ કરોડ બાદ કરતા કુલ નફો રૂા. ૧૮.૪૨ કરોડ થયેલ છે.** જેની નીચે દર્શાવેલ ફાળવણીને આપ સૌ બહાલી આપશો તેવી અપેક્ષા રાખુ છું.

| | **ફાળવણીની વિગત** | **ફાળવેલી રકમ** |
|---|---|---|
| | | રૂા. પૈસા |
| ૧. | રીઝર્વ ફંડ ૨૫%થી ઓછી નહીં તેટલી રકમ | ૫,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| ૨. | કો. ઓ. એજ્યુકેશન ફંડ ૧% | ૧૮,૪૨,૩૦૧.૦૦ |
| ૩. | અનફોરસીન લોસીસ રીઝર્વ ફંડ ૧૦% | ૧,૮૪,૨૩,૦૧૨.૦૦ |
| ૪. | સભાસદોને ૧૨% લેખે ડિવિડન્ડ | ૨,૮૯,૪૧,૭૦૫.૦૦ |
| ૫. | બીલ્ડીંગ ફંડ ખાતે ૪૦% સુધી | ૧,૦૭,૩૧,૧૧૧.૦૦ |
| ૬. | મેમ્બર્સ ઈન્સેન્ટીવ ફંડ ખાતે ૨૦% સુધી | ૪૧,૫૬,૪૩૦.૦૦ |
| ૭. | કો. ઓપરેટીવ એજ્યુકેશન ફંડ ખાતે ૧૦% સુધી (મેમ્બર્સ/કર્મચારી) | ૧,૧૮,૦૩૯.૦૦ |
| ૮. | ઈન્વેસ્ટમેન્ટ ફલકચ્યુએશન રીઝર્વ (નવુ) ૬૦% સુધી | ૬,૫૦,૦૦,૦૦૦.૦૦ |
| ૯. | I.T./સાઈબર સિક્યોરિટી રીઝર્વ ૨૫% સુધી | ૫૦,૦૦,૦૦૦.૦૦ |
| ૧૦. | બેલેન્સ રકમ રીઝર્વ ફંડ ખાતે લઈ ગયા | ૪,૧૭,૫૧૮.૦૦ |
| | **સરવાળો** | **૧૮,૪૨,૩૦,૧૧૬.૦૦** |

ઉપરોક્ત નફાની વહેંચણી કર્યા બાદ **બેંકનું સ્વભંડોળ રૂા.૩૦૩.૦૫ કરોડ થવા જાય છે.** જે ગત વર્ષે રૂા. ૨૯૭.૦૮ કરોડ હતુ. બેંકના સ્વભંડોળમાં રૂા. ૬૮.૫૧ કરોડ બેંકની વિવિધ બ્રાંચોની સ્થાવર મિલકતો જેવી કે જમીન અને મકાનના પુનઃમુલ્યાંકનના છે.

**ડિવિડન્ડ :**

બેંકના વસુલ આવેલ શેર ભંડોળ ઉપર **૧૨% લેખે ડિવિડન્ડ વહેંચવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી હું ભલામણ કરું છુ.**

**બેંકની નોન પરફોર્મીંગ એસેટ્સની પરિસ્થિતિ :**

તા. ૩૧-૩-૨૦૨૩ ના રોજ બેંકનું **એન.પી.એ.** રૂા. ૧૮,૫૭,૮૩,૪૨૦.૭૧ હતું જે કુલ ધિરાણના **૧.૪૦%** જેટલું હતું.

તા. ૩૧-૩-૨૦૨૪ ના રોજ બેંકનું **એન.પી.એ.** રૂા. ૧૬,૦૪,૦૭,૮૫૪.૯૨ થયેલ હતું જે કુલ ધિરાણના ૧.૦૪% જેટલું થાય છે. **બેંકનું નેટ એન.પી.એ. ૦.૦૦% છે.**

ચાલુ વર્ષે બેંકની વિવિધ બ્રાન્ચના દેવાદારોના જુદા જુદા ૩ ખાતાઓ મળીને કુલ રૂા. ૬,૮૦,૪૪૦/- (રૂપિયા છ લાખ એસી હજાર ચાર સો ચાલીસ પુરા) ઘણાં પ્રયત્નો કરવા છતાં વસુલ કરી શક્યા નથી. ઉપરાંત મૂળ દેવાદાર તથા તેમના ગેરંટર પાસેથી બેંકને તારણમાં આપેલ મિલકતોમાંથી સંપૂર્ણ વસુલાત શક્ય ન હોવાથી આ દેવાદારની રકમ હાલ પુરતી માંડી વાળવામાં આવે છે. આમ છતાં આ દેવાદાર પર વસુલાતની કાયદેસરની પ્રક્રિયા સતત ચાલુ જ રહેશે. બીજાં પણ કેટલાંક જૂના NPA ખાતાંઓમાં SARFAESI કાયદા મુજબની રીકવરીની પ્રક્રિયા ચાલુ છે અને આવનાર વર્ષોમાં તે પરત મળવાની સંભાવના છે.

રિઝર્વ બેંક દ્વારા લાગુ કરવામાં આવેલ આવક માન્યતા તથા મિલકત લેણાંના વર્ગીકરણના ધોરણોનું બેંક દ્વારા ચુસ્તપણે પાલન કરવામાં આવે છે તથા એન.પી.એ. સામે પર્યાપ્ત જોગવાઈ કરી બેંકના હિસાબો સંપૂર્ણ પારદર્શક તથા બેંકની સાચી પરિસ્થિતિનું પ્રતિબિંબ પડે તે રીતે રાખવામાં આવે છે.

# નૂતન નાગરિક સહકારી બેંક લિ.
(મલ્ટી સ્ટેટ-શિડયુલ્ડ બેંક)

**થાપણ :**

વર્ષ દરમ્યાન, "નૂતન સમૃદ્ધિ થાપણ" યોજના દ્વારા રૂા. ૩૩૮.૦૦ કરોડની થાપણો થાપણદારો દ્વારા બેંકમાં મુકવામાં આવેલ હતી. જે થાપણદારોનો બેંક પ્રત્યેનો વિશ્વાસ પ્રતિબિંબિત કરે છે. બેંકની શાખને કારણે તથા ગ્રાહકોમાં બેંક પ્રત્યેના સાથ સહકાર અને વિશ્વાસના કારણે થાપણોમાં સતત વધારો થઈ રહ્યો છે.

**ધિરાણ :**

**તા. ૩૧-૦૩-૨૦૨૪ ના રોજ બેંકનું કુલ ધિરાણ વધીને રૂા. ૧૫૧૩.૩૫ કરોડ થયેલ છે.** જે ગત વર્ષે તા. ૩૧-૦૩-૨૦૨૩ના રોજ **૧૩૨૭.૫૯ કરોડ** હતું.

સરેરાશ ધિરાણનો દર વર્ષ ૨૦૨૩-૨૪ ના દરમ્યાન ૯% રહેલ છે જે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૮.૨૪% હતો.

વર્ષ દરમ્યાન ધિરાણની પ્રવૃતિને વેગ આપવા બેંક દ્વારા આકર્ષક દરે ધિરાણની અનેક યોજનાઓ રજૂ કરવામાં આવી હતી. જેવી કે....

(૧) કોમર્શીયલ ઈક્વીપમેન્ટ/વ્હીકલ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ) લોન યોજના

(૨) કોમર્શીયલ પેસેન્જર વ્હીકલ લોન યોજના

(૩) સોલાર પ્લાન્ટ માટે ધિરાણ (ઈન્ડસ્ટ્રીના પોતાના ઉપયોગ માટે)

(૪) કાર લોન (ફિક્સ વ્યાજ દરે)

(૫) નૂતન ઈઝી રાઈડર લોન યોજના (દ્વીચક્રી વાહનો માટે)

ઉપરોક્ત ધિરાણ યોજનાઓમાં બેંક દ્વારા રૂા. ૧૨૩.૦૦ કરોડનું ધિરાણ મંજૂર કરવામાં આવેલ હતું.

**હાઉસીંગ ધિરાણ મર્યાદામાં વધારો :**

રિઝર્વ બેંક દ્વારા વ્યક્તિગત હાઉસીંગ ધિરાણ મર્યાદામાં સુધારો કરવામાં આવેલ છે. જે અંતર્ગત આપણી બેંકની લિમીટ **રૂા. ૭૦.૦૦ લાખ**થી વધીને **રૂા. ૧૪૦.૦૦ લાખ** થયેલ છે.

**ભંડોળના રોકાણો :**

રિઝર્વ બેંક / નાબાર્ડ તથા સહકાર ખાતાની વખતો વખત જાહેર થતી માર્ગદર્શક સૂચનાઓને ચુસ્તપણે અનુસરીને આપણી બેંક તેના ભંડોળનું ખૂબ વ્યવહારૂ અને નિયમબદ્ધ રોકાણ માટે આયોજન કરતી રહી છે.

બેંકીંગ રેગ્યુલેશન એક્ટની જોગવાઈ પ્રમાણે સરકારી તથા અન્ય માન્ય ટ્રસ્ટી જામીનગીરીઓમાં ભંડોળો રોકવાના રહે છે.

કાયદાની જોગવાઈ અનુસાર કરવાનાં થતાં ફરજીયાત રોકાણો કર્યા પછી તેમજ ધિરાણો અંગેના કાર્યક્રમો, કબુલાતોમાં ભંડોળોની ફાળવણી કર્યા પછી બેંક પાસે ફાજલ રહેલા ભંડોળોનું ભારત સરકાર / રાજ્ય સરકારની તથા અન્ય માન્ય ટ્રસ્ટી જામીનગીરીઓમાં રોકાણ કરવામાં આવે છે. રોકાણો ઉપર મહત્તમ વ્યાજ વળતર મળી રહે તે માટે વિવિધ પ્રકારે રોકાણ કરવામાં આવે છે.

**બોર્ડ ઓફ મેનેજમેન્ટ :**

રિઝર્વ બેંકની માર્ગદર્શિકા મુજબ આપણી બેંકે બોર્ડ ઓફ મેનેજમેન્ટની રચના કરેલ છે. બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં કુલ ૬ સભ્યો પૈકી ત્રણ સભ્યોની બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી તથા ત્રણ સભ્યો (જે તે ક્ષેત્રના નિષ્ણાંતો) ની નિમણૂક કરવામાં આવેલ છે. જેઓના નામ નીચે મુજબ છે. (૧) શ્રી આનંદભાઈ શરદચંદ્ર પટેલ-ચેરમેન-બોર્ડ ઓફ મેનેજમેન્ટ (બિઝનેસમેન) (૨) શ્રી માલવભાઈ મહેન્દ્રભાઈ ફડીયા (બિઝનેસમેન) (૩) શ્રી રાહીલભાઈ નિમેષભાઈ શાહ (બિઝનેસમેન તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) (૪) શ્રી ચીનુભાઈ નાથાલાલ શાહ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) (૫) શ્રી ઉમેશચંદ્ર કનૈયાલાલ ત્રિવેદી (રિટાયર્ડ ડી.જી.એમ.-બેંક ઓફ ઈન્ડિયા) (૬) શ્રી ચંપકલાલ મોહનલાલ શાહ (રિટાયર્ડ એ.જી.એમ.-બેંક ઓફ બરોડા). બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો દ્વારા સચોટ માર્ગદર્શન આપવામાં આવે છે, તે બદલ હું બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યોનો આભાર વ્યક્ત કરું છું.

તા. ૩૧-૩-૨૦૨૪ના રોજ પૂરા થતા વર્ષ દરમ્યાન બોર્ડ ઓફ મેનેજમેન્ટની કુલ ૧૫ મીટીંગ યોજાયેલ હતી.

**CBS Software અને Cyber Security**

આપણી બેંકમાં તા. ૦૧-૦૪-૨૦૦૮ થી CBS સેવા શરૂ થઈ ગયેલ છે તથા બેંકના ખાતેદારોને ABB (એની બ્રાન્ચ બેંકીંગ) સેવા તથા RTGS/NEFT સેવા વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. ટેકનોલોજીમાં થતા સતત ફેરફાર તથા બેંકીંગ સેક્ટરમાં આવી રહેલ નવી-નવી ટેકનોલોજીનો લાભ બેંક દ્વારા ગ્રાહકોને પહોંચાડવામાં આવે છે. ગત વર્ષ દરમ્યાન દેશની કેટલીક મોટી કો. ઓ. બેંકોના CBS Software માં હેકીંગ કરી ઘણાં મોટા પ્રમાણમાં નાણાંકીય ઉચાપત થવાના કિસ્સાઓને ધ્યાનમાં રાખીને આપણી બેંકે સાયબર સિક્યોરીટી માટેની પોલીસી બનાવી અને તે મુજબ સાયબર સિક્યોરીટી વધુ સઘન અને સુદ્રઢ બનાવવામાં આવેલ છે.

**૨૪x૭ Online Payment Facility**

બેંકના ખાતેદારોને આપણી બેંક દ્વારા **૨૪x૭** ઓનલાઈન પેમેન્ટની સુવિધા આપવામાં આવે છે. બેંકના ખાતેદારોને Online બેંકીંગમાં પડતી તકલીફો નિવારવા બેંક દ્વારા **૨૪x૭** હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૪૪૪૪૪૧ તથા ૧૮૦૦૨૩૩૩૯૩૭ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

**ઈન્ટરનેટ બેંકીંગ / મોબાઈલ બેંકીંગ સેવાઓ :**

આપણી બેંક દ્વારા ઈન્ટરનેટ બેંકીંગ સેવા શરૂ કરવામાં આવેલ છે. ગ્રાહકોની સેવામાં બેંક દ્વારા મોબાઈલ બેંકીંગ સેવા શરૂ કરવામાં આવેલ છે. આ સેવા હેઠળ ફંડ ટ્રાન્સફર (NEFT, Interbank Transfer, IMPS), મીની સ્ટેટમેન્ટ, બેલેન્સ પૂછપરછ, ચેક બુક ઈન્ડેન્ટ, ચેકનું સ્ટેટસ જાણવા જેવી ઘણી સુવિધાઓ ઉપલબ્ધ છે. આપણી બેંકના સર્વે ગ્રાહકોને વિનંતી છે કે આ અંગે જરૂરી એક્ટીવેશન ફોર્મ ભરીને આ સેવાનો મહત્તમ લાભ લે.

બેંકના ડિમેટ ખાતેદારો પોતાની ઓફિસ-રહેઠાણથી પોતાના ડિમેટ ખાતાના સ્ટેટમેન્ટ ઈન્ટરનેટ દ્વારા જોઈ શકે છે. તેમજ તેનું પ્રીન્ટીંગ પણ લઈ શકે છે. આ અંગે ખાતા ધારકે બેંકમાં જરુરી અરજી કરવાની રહેશે.

**વોટ્સએપ બેંકીંગ :**
બેંક દ્વારા વોટ્સએપ બેંકીંગ પણ શરૂ કરવામાં આવેલ છે. જે દ્વારા બેંકના ગ્રાહકોને (૧) બેલેન્સ ઈન્કવાઈરી (૨) મીની સ્ટેટમેન્ટ (૩) ડેબીટ કાર્ડ બ્લોક/અનબ્લોક કરવા (૪) ડિમેટ હોલ્ડીંગ (૫) આઈપીઓ ડિટેલ્સ જેવી સુવિધાઓ ઝડપથી મળી શકે છે. વધુમાં વોટ્સએપ બેંકીંગ દ્વારા ગ્રાહકોને બેંકની વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવે છે તથા અગત્યની સૂચનાઓ પણ મોકલવામાં આવે છે.

**ડેબિટ કમ એ.ટી.એમ. કાર્ડ (Rupay) અને ઈ-કોમર્સ સેવા :**
આપણી બેંક દ્વારા ગ્રાહકોને નિ:શુલ્ક Debit cum ATM Card (Rupay) ઈસ્યુ કરવામાં આવે છે. આ કાર્ડ ભારતભરની લગભગ તમામ **બેંકોના એટીએમ કેન્દ્રો પર તેમજ પોઈન્ટ ઓફ સેલ પર સ્વીકૃત છે.** બેંકની ઈ-કોમર્સ સેવા હેઠળ બેંકના **ડેબિટ કમ એટીએમ કાર્ડથી ઓનલાઈન શોપીંગની સુવિધા ઉપલબ્ધ છે.** આ સેવાઓનો ગ્રાહકો મહત્તમ લાભ લે.

**TUF Scheme (Technology Up-gradation Fund) :**
આ સ્કીમમાં ટેક્ષટાઈલ તથા અન્ય ઉદ્યોગ માટે ઈન્ટરેસ્ટ / કેપીટલ સબસીડી માટે બેંકને માન્યતા મળેલ છે.

**પેરા બેંકીંગ સુવિધાઓ :**
બેંકીંગ ક્ષેત્રે વર્તમાન સમય તીવ્ર હરિફાઈનો છે, આથી બેંકો માટે નફાનું વ્યાજબી સ્તર જાળવી રાખવા, કોર બેંકીંગ ઉપરાંત ઘણી બધી પેરા બેંકીંગ પ્રવૃત્તિઓ અને સેવાઓ આપવી આવશ્યક બની ગયેલ છે. જેથી એમાંથી મળતી આવકમાંથી બેંકનો વહીવટી ખર્ચ નીકળી શકે. પેરા બેંકીંગ પ્રવૃત્તિઓ અને સેવાઓ વધવાથી બેંકના ગ્રાહક વર્ગમાં પણ વધારો થયેલ છે. આપણી બેંક નીચે મુજબની પેરા બેંકીંગ સેવાઓ આપે છે.

**(૧) સેઈફ ડિપોઝીટ વોલ્ટ (લોકર) સુવિધા :**
આપણી બેંક દ્વારા ગ્રાહકોને ઉત્કૃષ્ટ લોકર સેવા આપવામાં આવે છે. બેંકની શાખાઓમાં શક્ય એટલી જગ્યામાં વધુને વધુ લોકર્સ મુકવાનું આયોજન કરીએ છીએ, જેથી ગ્રાહકોની માંગને સંતોષી શકાય. બેંકની **વાસણા, ડ્રાઈવ-ઈન રોડ (મેમનગર), પાંજરાપોળ, જોધપુર-સેટેલાઈટ, લૉ-ગાર્ડન, ઈસનપુર, નારણપુરા, નારાયણનગર રોડ, નવા શારદા મંદિર રોડ, વેજલપુર, થલતેજ, મણિનગર, ઓઢવ અને બોપલ શાખાઓ દ્વારા સેઈફ ડિપોઝીટ વોલ્ટ (લોકર) સુવિધા આપવામાં આવે છે.**

**(૨) ડિમેટ સેવા :**
આપણી બેંક દ્વારા સને ૨૦૦૦ થી ગ્રાહકોને ડિમેટ સેવા અપાય છે. **ડિમેટ સેવા લૉ–ગાર્ડન ઉપરાંત બેંકની મસ્કતી માર્કેટ, ન્યુ ક્લોથ માર્કેટ, આશ્રમ રોડ, રખિયાલ, બાપુનગર, ડ્રાઈવ–ઈન રોડ, પાંજરાપોળ, જોધપુર–સેટેલાઈટ, ઈસનપુર, નારણપુરા, નવા શારદા મંદિર રોડ, વેજલપુર, થલતેજ અને અંધેરી (મુંબઈ) શાખાઓ દ્વારા પણ આપવામાં આવે છે.**

બેંકના ડિમેટ ખાતેદારો ઓનલાઈન ડીલીવરી ઈન્સ્ટ્રક્શન (માર્કેટ) આપી શકે તે માટે Speed-e ની સુવિધા શરૂ કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે શાખાનો સંપર્ક કરવા વિનંતી છે.

**(૩) ASBA સુવિધા :**
આપણી બેંકની ASBA (Application Supported by Blocked Amount) સુવિધા હેઠળ શેર્સ માટે અરજીઓ સ્વીકારવાની SEBI તરફથી મંજૂરી મળી હોવાથી બેંકના ખાતેદારોને IPO/FPO માં અરજી કરવામાં સુગમતા થયેલ છે. ASBA ની સુવિધા બેંકની દરેક શાખા દ્વારા આપવામાં આવે છે. ગ્રાહકો ઈન્ટરનેટ બેંકીંગનો ઉપયોગ કરીને Online ASBA Application કરી શકે છે.

**(૪) ઈ-સ્ટેમ્પીંગ/સ્ટેમ્પ ફ્રેન્કીંગ સેવા :**
બેંકની મસ્કતી માર્કેટ, રખિયાલ, વાસણા, ડ્રાઈવ-ઈન, જોધપુર-સેટેલાઈટ અને ન્યૂ શારદા મંદિર શાખાઓ દ્વારા ગુજરાત સરકારની માર્ગદર્શીકા મુજબ રૂા. ૧૦,૦૦૦/- સુધીની રકમનું સ્ટેમ્પ ફ્રેન્કીંગ કરી આપવામાં આવે છે. વધુમાં બેંક દ્વારા રખિયાલ, શાંતિ કોમર્શીયલ અને લૉ-ગાર્ડન શાખામાં ઈ-સ્ટેમ્પીંગની સુવિધા ઉપલબ્ધ છે. જેનો લાભ બેંકના ખાતેદારો, સભાસદો અને શહેરીજનો લઈ રહ્યા છે.

**(૫) વીમા યોજના :**
આપણી બેંકના બચત ખાતા ધારકોને વીમા કવચ મળી રહે તે માટે બેંકે પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના માટે LIC સાથે તથા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના માટે ન્યુ ઈન્ડિયા એસ્યોરન્સ કંપની લિમીટેડ સાથે MOU કરેલ છે. બચત ખાતા ધારકોને આ બંને યોજનાનો લાભ લેવા વિનંતી. વધુ માહિતી માટે આપની નજીકની શાખાનો સંપર્ક કરવા વિનંતી.

**(૬) અટલ પેન્શન યોજના**

આપણી બેંક દ્વારા ભારત સરકાર પ્રાયોજિત અટલ પેન્શન યોજના ચાલુ કરવામાં આવેલ છે. **૧૮ થી ૪૦** વર્ષની ઉંમર સુધીના તમામ ભારતીય નાગરિક આ યોજનામાં જોડાઈ શકે છે. આ યોજનામાં જોડાનાર વ્યક્તિ તેના દ્વારા આ યોજનામાં આપેલ યોગદાનના આધારે **રૂા. ૧૦૦૦ થી રૂા. ૫૦૦૦ સુધી**નું માસિક પેન્શન ૬૦ વર્ષની ઉંમર પૂર્ણ થયેથી આજીવન મેળવી શકે છે તથા ત્યારબાદ હયાત વારસદારોને આ યોજનામાં જમા થયેલ કુલ ભંડોળ વ્યાજ સાથે પરત મળવાપાત્ર છે. વધુ વિગત માટે ગ્રાહકો બેંકની નજીકની શાખાનો સંપર્ક કરે અને આ સેવાઓનો મહત્તમ લાભ લે.

**(૭) Bill Desk સેવા**

આપણી બેંકના ગ્રાહકો તેમના વિવિધ સેવાકીય બીલનું Online Payment કરી શકે તે માટે Bill Desk સાથે કરાર કરવામાં આવેલ છે. બેંકના ગ્રાહકો Bill Desk ની સુવિધાનો ઉપયોગ ઈન્ટરનેટ બેંકીંગ તથા મોબાઈલ બેંકીંગ દ્વારા કરી શકે છે.

**(૮) UPI Service Activation**

આપણી બેંકના ગ્રાહકો તેમના વિવિધ સેવાકીય બીલનું Online Payment કરી શકે તે માટે UPI Service Activation માટે કરાર કરવામાં આવેલ છે. આ સેવા દ્વારા ગ્રાહકો પોતાના મોબાઈલ વડે વિવિધ બિલોની ઓનલાઈલ ચુકવણી કરી શકે છે તથા ઈ-કોમર્સ સેવાનો લાભ પણ લઈ શકે છે. વધુ વિગત માટે ગ્રાહકો બેંકની નજીકની શાખાનો સંપર્ક કરે અને આ સેવાઓનો મહત્તમ લાભ લે.

**KYC નોર્મ્સ ના પાલન અંગે તથા CKYC અંગે :**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન્સ તથા ફાયનાન્શીયલ ઈન્ટેલીજન્સ યુનીટ (એફ.આઈ.યુ.) ઈન્ડીયાના વખતોવખતના પરિપત્રો અન્વયે ખાતેદારોના વ્યવહારોની માહિતી અંગેના પત્રકો નિયત સમયમર્યાદામાં મોકલવાના હોય છે. બેંક સાથે જોડાયેલ સભાસદો, ખાતેદારો, ગ્રાહકો બેંક સાથે નિયમિત વ્યવહારો કરે, સક્રિય રહે તે જરૂરી છે. જેથી તેઓના ખાતા ડોરમેન્ટ (નિષ્ક્રિય) ન થાય અને ખાતાઓ સક્રિય કરવા અગવડતા ન પડે તે હેતુથી બેંકની શાખા દ્વારા KYC ગાઈડલાઈન્સના પાલન અંગે સમયાંતરે જરૂરી KYC ડોક્યુમેન્ટ ખાતેદારો પાસેથી મંગાવવામાં આવે ત્યારે KYC ડોક્યુમેન્ટ આપી સાથ-સહકાર આપશો. બેંકના કસ્ટમરના CKYC રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં પણ આપને સહકાર આપવા વિનંતી.

બેંક દ્વારા RBI ના વખતોવખત જારી થતા વિવિધ સરક્યુલરોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે.

**કમિટીઓ :**

બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ઓડિટ, ઈન્વેસ્ટમેન્ટ, એસેટ્સ લાયાબીલીટી મેનેજમેન્ટ, I.T., બોર્ડ ઓફ મેનેજમેન્ટ, સ્પેશયલ કમિટી ઓફ બોર્ડ ફોર મોનીટરીંગ ફ્રોડ તથા રીકવરી માટે કમિટીઓ નિયુક્ત કરી છે. જે નિયમિત રીતે મળી છે.

**ઓડિટ અને ઈન્સ્પેક્શન :**

આપણી બેંકની ૯ શાખાઓનું કન્કરન્ટ ઓડિટ કરાવવામાં આવે છે. ઉપરાંત બેંકની બધીજ શાખાઓનું ઈન્ટરનલ ઈન્સ્પેકશન પણ કરવામાં આવે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સુચના પ્રમાણે ઓડિટ કમિટીની રચના કરવામાં આવી છે. કન્કરન્ટ ઓડિટર્સ/ઈન્ટરનલ ઈન્સ્પેકશનના તેમજ સ્ટેચ્યુટરી ઓડિટર્સે કરેલાં અવલોકનોને અમલમાં મુકવા માટે અને બેંકની કાર્યક્ષમતા સુધારવા માટે ઓડિટ કમિટી કાર્યરત રહે છે. આમ બેંકના સંચાલનને ક્ષતિરહિત બનાવવાના આશયથી કન્કરન્ટ ઓડિટ તથા સ્ટેચ્યુટરી ઓડિટની કામગીરીને સંકલિત કરવામાં આવી છે. બદલાતા સંજોગોને અનુલક્ષીને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વધુને વધુ પ્રમાણમાં નીતિ વિષયક અને વહીવટી કડક નિયંત્રણો લદાઈ રહ્યાં છે, જે આવકારદાયક છે. RBI ની માર્ગદર્શિકા મુજબ, આપણી બેંકે જોખમ આધારિત આંતરિક ઓડિટ સિસ્ટમ (Risk Based Internal Audit-RBIA) દાખલ કરી છે. આનાથી આપણું ઓડિટ સંપૂર્ણપણે જોખમ કેન્દ્રિત રહેશે અને વિવિધ ક્ષેત્રોમાં રહેલ જોખમોનું વધુ ઝીણવટથી મૂલ્યાંકન થઈ શકશે.

**બેંક સ્ટાફ માટે તાલીમ કાર્યક્રમ :**

બેંકના કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો થાય તથા બેંકિંગ ક્ષેત્રે થતા ફેરફારોની જાણકારી મળી રહે તે માટે સમયાંતરે તાલીમ કાર્યક્રમ યોજી તેમાં જુદા-જુદા વિષયના નિષ્ણાતોને બોલાવી જાણકારી આપવામાં આવે છે, જેનાથી કર્મચારીઓમાં નિયત લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે હકારાત્મક વલણ જોવા મળેલ છે. આ તાલીમ કાર્યક્રમોમાં બેંકના ચેરમેનશ્રી, ડિરેક્ટર્સશ્રી, અધિકારીશ્રીઓ પણ હાજર રહી **માર્ગદર્શન** આપે છે.

બેંકના કર્મચારીઓના જ્ઞાન અને કૌશલ્યમાં વધારો થાય તેમજ બેંકીંગ વિષયના સઘન અભ્યાસ માટે બેંક JAIIB/CAIIBની પરીક્ષા આપવા તેઓને પ્રોત્સાહિત કરે છે. તેમાં ઉત્તીર્ણ થયેલા કર્મચારીઓને પ્રમોશન ઝડપથી મળે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (CAB), પૂના ખાતે વિવિધ વિષયો પર યોજાતી ટ્રેઈનીંગમાં પણ કર્મચારીઓને બેંક દ્વારા મોકલવામાં આવે છે. બેંકની સેન્ટ્રલ ઓફિસથી પણ બેંકીંગના વિવિધ વિષયોને આવરી લેતી ટ્રેઈનીંગ આપવામાં આવે છે. તેમજ કર્મચારીઓ માટે બેંકીંગ સેમીનાર AMA સાથે વારંવાર ગોઠવવામાં આવે છે.

**આભાર દર્શન :**
બેંકના કામકાજમાં અન્ય બેંકો, સહકારી મિત્રો ઉપરાંત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, રાજ્ય સરકારશ્રી, જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સ્ટેટ રજીસ્ટ્રારશ્રી તથા સેન્ટ્રલ રજીસ્ટ્રારશ્રી-ન્યુ દિલ્હી તરફથી મળેલ સહકાર માટે સર્વેનો આભાર માનું છું.

અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા અને અતિ વ્યસ્ત હોવા છતાં પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી વાઈસ ચેરમેન **શ્રી આનંદભાઈ શરદચંદ્ર પટેલ** તેમજ અન્ય ડિરેક્ટર સાહેબો તથા બિઝનેસ ડેવલપમેન્ટ કમિટીનાં સભ્યો માનદ્ સેવા આપે છે. તેઓશ્રી તરફથી બેંક સંચાલનમાં અમૂલ્ય માર્ગદર્શન મળેલ છે. **સૌનો અત્રે આભાર માનું છું.**

બેંકના સફળ સંચાલન માટે જનરલ મેનેજર **શ્રી અશોક કાપડીયા** નો હું આ ક્ષણે આભાર માનું છું. આ ઉપરાંત બેંકના બધાજ અધિકારીગણ તેમજ તમામ કર્મચારીઓએ **ખંત, વફાદારીપૂર્વક અને સંતોષકારક** કામગીરી બજાવી છે તે બદલ તેમને ધન્યવાદ આપું છું. યુનિયનના હોદ્દેદારો તેમજ સર્વ કર્મચારીગણ સાથેના સંબંધો ખૂબજ સુમેળભર્યા રહેવાથી બેંકનો ખૂબજ સુંદર વિકાસ થયો છે. **તેઓનો હૃદયપૂર્વક આભાર માનું છું.**

આપણી બેંકની ઉત્તરોત્તર થતી વિકાસયાત્રામાં **બેંકના પૂર્વ ચેરમેનશ્રીઓ, ડિરેક્ટરશ્રીઓ તથા અન્ય શુભચિંતકોએ આપેલ અમૂલ્ય યોગદાન**ને યાદ કરીને તેઓ પ્રત્યે આદરભાવ અને કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. બેંકની વિકાસયાત્રામાં સકારાત્મક પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવા બદલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના મારા સાથી મિત્રો, માનવંતા સભાસદો, ગ્રાહકો અને શુભેચ્છકોએ મુકેલ અતૂટ વિશ્વાસના પરિણામે જ બેંકે વિકાસનાં સોપાનો સર કરેલ છે, જેઓનો પણ આભાર માનું છું.

બેંકના થાપણદારશ્રીઓએ બેંકના વહીવટમાં વિશ્વાસ વ્યક્ત કરી તેઓની બચતો આપણી બેંકમાં થાપણ તરીકે મૂકેલ છે તે બદલ તેમનો આભારી છું. બેંકની વિકાસયાત્રામાં તેમજ બેંકના ગ્રાહકલક્ષી અભિગમમાં વિશ્વસનીયતા વ્યક્ત કરી સહકારી ક્ષેત્રને સબળ બનાવવાની કામગીરીમાં બેંકને પ્રત્યક્ષ-પરોક્ષ સહકાર આપનાર તમામનો **હું ઋણી છું અને તેમનો આભાર માનું છું.**

**આપના તરફથી અત્યાર સુધી મળેલ અમૂલ્ય સાથ અને સહકાર આવનાર વર્ષોમાં પણ મળી રહેશે તેવી આશા સાથે વિરમું છું.**

**ભદ્રં ભદ્રં વિતર ભગવન્ ભૂયસે મંગલાય ll**
**“હે ઈશ્વર, અમને સર્વેના કલ્યાણ માટે ઉત્તમ તત્વ આપો”**

આપનો આભાર,

અમદાવાદ.
તા. ૧૨/૦૬/૨૦૨૪

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી,
**ધનાભાઈ ચીમનલાલ શાહ**
ચેરમેન

# INDEPENDENT AUDITORS REPORT

**To,**
**The Members,**
**Nutan Nagarik Sahakari Bank Ltd.**

## REPORT ON FINANCIAL STATEMENTS

**Opinion :-**

1. We have audited the accompanying financial statements of Nutan Nagarik Sahakari Bank Ltd ("the Bank") as at 31 March 2024, which comprise the Balance Sheet as at 31 March 2024, the Profit and Loss Account, and the Cash Flow Statement for the year then ended, and a summary of significant accounting policies and other explanatory information.

2. In our opinion and to the best of our information and according to the explanations given to us, the aforesaid financial statements together with the Notes thereon give the information required by the Banking Regulation Act, 1949, the Multi State Co-operative Societies Act, 2002 and the Multi State Co-operative Societies Rules, 2002 and guidelines issued by Reserve Bank of India and the Central Registrar of Cooperative Societies ("the Acts"), in the manner so required and give a true and fair view in conformity with the accounting principles generally accepted in India of the state of affairs of the Bank as at March 31, 2024 and its profit and its Cash Flows for the financial year ended on that date.

**Basis for Opinion :-**

3. We conducted our audit in accordance with the Standards on Auditing (SAs) issued by Institute of Chartered Accountants of India. Our responsibilities under those Standards are further described in the Auditor's Responsibilities for the Audit of the Financial Statements section of our report. We are independent of the Bank in accordance with the Code of Ethics issued by the Institute of Chartered Accountants of India together with ethical requirements that are relevant to our audit of the financial statements under the provisions of the Banking Regulations Act, 1949 and the rules made thereunder and under the provisions of the Multi State Co-operative Societies Act, 2002 and the rules made thereunder, and we have fulfilled our other ethical responsibilities in accordance with these requirements and the Code of Ethics. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our opinion.

**Management's Responsibility for the Financial Statements :-**

4. The Bank's Board of Directors are responsible for preparation of these financial statements that give a true and fair view of the financial position, financial performance and cash flows of the Bank in accordance with the accounting principles generally accepted in India, including the Accounting Standards issued by ICAI, provisions of Banking Regulation Act, 1949 and the Rules made thereunder, provisions of Multi State Cooperative Societies Act, 2002 and the Rules made thereunder and circulars and guidelines issued by RBI from time to time. This responsibility also includes maintenance of adequate accounting records in accordance with the provisions of the Acts for safeguarding the assets of the Bank and for preventing and detecting frauds and other irregularities; selection and application of appropriate accounting policies; making judgments and estimates that are reasonable and prudent; and design, implementation and maintenance of adequate internal financial controls, that were operating effectively for ensuring the accuracy and completeness of the accounting records, relevant to the preparation and presentation of the financial statements that give a true and fair view and are free from material misstatement, whether due to fraud or error.

   In preparing the financial statements, management is responsible for assessing the Bank's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless management either intends to liquidate the Bank or to cease operations, or has no realistic alternative but to do so.

   The Board of Directors is also responsible for overseeing Bank's Financial Reporting progress.

d. The Balance Sheet, the Profit and Loss Account and the Cash Flow statement dealt with by this report are in agreement with the books of account and the returns;

e. The accounting standards adopted by the Bank are consistent with those laid down by accounting principles generally accepted in India so far as applicable to Banks;

f. In our opinion and according to information and explanations given to us, we have not noticed any material impropriety or irregularity in the expenditure or in the realization of money due to the bank.

8. As per the information and explanations given to us and based on our examination of the books of account and other records, we report as under on the matters specified in clause (a) to (f) of Rule 27(3) of the Multi State Co-operative Societies Rules, 2002:

   a. We have not come across any transactions which appear to be contrary to the provisions of the Multi-State Co-operative Societies Act, 2002, the rules or the bye-laws of the Bank.

   b. We have not come across any material or significant transactions which appear to be contrary to the guidelines issued by the Reserve Bank of India.

   c. Money belonging to the Bank which appears to be bad or doubtful of recovery as on 31st March, 2024 was Rs. 16,04,07,854.92 in respect of advances classified as NPA and/or as Doubtful and Loss Assets as per prudential norms issued by RBI. There are no money bad or doubtful of recovery in respect of other assets. Adequate provision has been made for the same as per extant RBI guidelines.

   d. As per the information given to us and to the best of our knowledge, the Bank has not given loans to the members of the Board of Directors, except as permitted by the Acts.

   e. We have not observed any violation of guidelines, conditions etc., issued by the Reserve Bank of India.

   f. There are no matters that have been specified by the Central Registrar of Cooperative Societies in this regard.

For Jain Kedia and Sharma,
Chartered Accountants
Firm Registration No.: 103920W

CA Ramesh Kedia
Partner
Membership No. 035997
UDIN : 24035997BKHDSA3099

Place: Ahmedabad
Date : 12/06/2024

## Balance Sheet as at 31st March 2024

(Rs. in Crores)

| 31-3-2023 | Capital & Liabilities | 31-3-2024 |
|---|---|---|
| 24.41 | Subscribed Capital | 23.94 |
| 262.24 | Reserve & Other Funds | 263.76 |
| 2206.13 | Deposits | 2530.66 |
| 0.04 | Bills for Collection | 0.01 |
| 4.64 | Overdue Interest Reserve | 4.75 |
| 0.25 | Interest Payable | 0.18 |
| 39.74 | Other Liabilities | 16.45 |
| 0.53 | Deferred Tax Liability (DTL) | 0.58 |
| 13.54 | Profit Brougth Forward from P & L A/c | 18.42 |
| **2551.52** | **Total** | **2858.75** |

| 31-3-2023 | Property & Assests | 31-3-2024 |
|---|---|---|
| 11.26 | Cash on Hand | 10.65 |
| 262.89 | Balance with RBI and Other Banks | 425.12 |
| 786.71 | Investments | 788.87 |
| 1327.59 | Advances | 1513.36 |
| 16.06 | Interest Receivable | 20.64 |
| 4.64 | Overdue Interest Reserve | 4.75 |
| 0.04 | Bills for Receivable | 0.01 |
| 0.15 | Branch Adjustment | 0.35 |
| 88.43 | Land & Premises | 83.22 |
| 3.36 | Furniture & Fixtures | 2.73 |
| 3.39 | Office Equipments | 2.67 |
| 0.67 | Computer Systems | 1.15 |
| 0.08 | Bank's Vehicles | 0.05 |
| 46.25 | Other Assets | 5.18 |
| **2551.52** | **Total** | **2858.75** |

## Profit & Loss Account for the Year ended 31st March 2024

(Rs. in Crores)

| 31-3-2023 | Expenditure | 31-3-2024 |
|---|---|---|
| 109.37 | Interest on Deposits & Borrowings | 144.26 |
| 29.68 | Salaries, Allowances & P.F. (including Bonus/Ex- gratia) | 27.96 |
| 0.00 | Directors Fees | 0.03 |
| 1.78 | Rent, Taxes, Insurance, Lighting etc. | 1.73 |
| 0.02 | Law Charges | 0.31 |
| 0.49 | Postage, Telegrams & Telephone Charges | 0.44 |
| 0.05 | Audit Fees | 0.13 |
| 4.30 | Depreciation | 3.14 |
| 0.91 | Repairs & Maintenance | 1.00 |
| 0.52 | Stationery & Printing | 0.50 |
| 0.32 | Advertisement | 0.10 |
| 2.67 | Insurance | 3.02 |
| 0.01 | Loss on Sale of Assets & Written Off | 0.01 |
| 1.34 | Short Term Capital Loss on Investment | 0.20 |
| 0.00 | Long Term Capital Loss on Investment | 0.62 |
| 0.99 | GST Expense | 1.07 |
| 2.55 | DSA Commission (Marketing) | 0.57 |
| 0.04 | Donation | 0.01 |
| 3.69 | All Other Expenses | 3.27 |
| 0.50 | Provision for Standard Assets | 1.00 |
| 7.55 | Provision for Investment Depreciation Reserve Fund | 0.00 |
| 1.00 | Special Reserve for Long term Finance | 1.50 |
| 2.00 | Provision for Bad & Doubtful Debt Reserve Fund | 1.50 |
| 0.26 | Amortization of Premium in Govt. Security | 0.24 |
| 4.74 | Provision for Income Tax | 3.53 |
| 7.16 | **Profit Before Exceptional Items** | 14.43 |
| 0.08 | Less : Prior Period Expense | 0.01 |
| 7.08 | Profit for the year | 14.42 |
| | | |
| | | |
| **181.93** | **TOTAL** | **210.57** |
| | | |
| | | |
| 13.54 | Profit Carried Forward to Balance Sheet | 18.42 |
| | | |
| | | |
| **13.54** | **TOTAL** | **18.42** |

| 31-3-2023 | Income | 31-3-2024 |
|---|---|---|
| 159.85 | Interest & Discount | 193.78 |
| 1.30 | Commission, Exchange & Brokerage | 2.23 |
| 12.58 | Income From Sale of Special Adhesive Stamp | 1.37 |
| 3.01 | Rent on Safe Deposit Lockers | 3.19 |
| 0.00 | Profit on Sale Of Asset | 0.01 |
| 1.38 | Short Term Capital Gain on Investment | 1.73 |
| 0.55 | Long Term Capital Gain on Investment | 0.00 |
| 1.59 | Other Receipts | 2.15 |
| 0.62 | Excess Provision for Income Tax Brought Back | 0.98 |
| 0.76 | Recovery of Bad Debts | 0.49 |
| 0.29 | Interest and Income Tax Refund | 0.28 |
| 0.00 | Investment Depreciation reserve brought back | 4.36 |
| | | |
| **181.93** | **TOTAL** | **210.57** |
| 7.08 | Profit for the year Brought Forward | 14.42 |
| 6.46 | Investment Fluctuation Reserve Brought Back | 0.00 |
| 0.00 | Building Fund Brought Back | 4.00 |
| | | |
| **13.54** | **TOTAL** | **18.42** |

# Nutan Nagarik Sahakari Bank Ltd.

(Multi State-Scheduled Bank)

## Branch Network

**1. Maskati Market : #**
2-E, Maskati Market, Kapasia Bazar, Ahmedabad-380002.
Ph.: 22138011, 22138012, 22138013 M.: 8980036902
E-mail: maskati@nutanbank.com

**2. New Cloth Market :**
New Cloth Market, O/s Raipur Darwaja, Ahmedabad-380002.
Ph.: 22114136, 22114150
E-mail: newcloth@nutanbank.com

**3. Shanti Commercial Centre : (E)**
Nagar Sheth's Vando, Gheekanta Road, Ahmedabad-380001.
Ph.: 25508914, 25508881 M.: 8980036904
E-mail : shanticomm@nutanbank.com

**4. Ashram Road :**
9, Shilp-II, Nr. Vikram Chambers, Ashram Road, Ahmedabad-380009.
Ph.: 27541031, 27543829 M.: 8980036905
E-mail: ashramroad@nutanbank.com

**5. Rakhial : # (E)**
Vora Chambers, Opp. Tubewell Station, Nr. Rakhial Char Rasta, Ahmedabad-380023.
M.: 8980036906 E-mail: rakhial@nutanbank.com

**6. Bapunagar :**
11, Sukhsagar Complex, Opp. Dinesh Chambers, Bapunagar, A'bad-380024.
Ph.: 22200084 M.: 8980036907 E-mail: bapunagar@nutanbank.com

**7. Vasna : * #**
Jin Darshan Building, Opp. Vasna Bus Stand, Sarkhej Road, Vasna, A'bad-7.
Ph.: 26605486, 26601898 M.: 8980036908 E-mail: vasna@nutanbank.com

**8. Drive-in Road (Memnagar) : * #**
Ground Floor, Yashsvi Elegance, Near Vijay Char Rasta, Ahmedabad-380009.
Ph.:27912761, 27913822 M.: 8980036909 E-mail: drivein@nutanbank.com

**9. Panjarapole : ***
17-18-19, Kamdhenu Complex, Opp. Sahajanand College, Panjarapole, Ahmedabad-380015. Ph.: 26302109, 26307986 M.: 8980036910
E-mail: panjrapole@nutanbank.com

**10. Jodhpur-Satellite Road : * #**
129-Vrundavan-1, 132' Ring Road, Satellite Road, Ahmedabad-380015.
Ph.: 26779694, 26779385 M.: 8980036911 E-mail: satellite@nutanbank.com

**11. Law Garden : * (E)**
GF, Opp. Samartheshwar Mahadev, Nr. Law Garden, Ellisbridge, A'bad : 06.
Ph.: 26443714 , 26445229 M.: 8980036912
E-mail: lawgarden@nutanbank.com

**12. Isanpur : ***
Bhavna Flat, Nr. Isanpur Bus Stand, Isanpur, Ahmedabad-382443.
Ph.: 25734414, 25735945 M.: 8980036913
E-mail: isanpur@nutanbank.com

**13. Naranpura : ***
Nr. Patrakar Colony, Vijaynagar Corner, Naranpura, Ahmedabad-380013.
Ph.: 27431043, 27431190 M.: 8980036914
E-mail: naranpura@nutanbank.com

**14. Narayannagar Road : ***
6, Rakesh Co. op. Hou. Soc. Ltd., Nr. Shantivan Bus Stand, Narayannagar, Ahmedabad-380007.
Ph.: 26670226, 26670204 M.: 8980036915
E-mail: narayannagar@nutanbank.com

**15. New Sharda Mandir Road : * #**
49, Vasantkunj Society, New Sharda Mandir Road, Paldi, Ahmedabad-380007.
Ph.: 26607399, 26601454 M.: 8980036916
E-mail: shardamandir@nutanbank.com

**16. Vejalpur : ***
4, Ground Floor, Regency Plaza, Opp. Rahul Tower, 100 ft. Road, Vejalpur, Ahmedabad-380015.
M.: 8980036917, 8488833893 E-mail: vejalpur@nutanbank.com

**17. Thaltej : ***
003, "Abhishree Adroit" Building, Ground Floor, Nr. Swaminarayan Temple, Mansi Cross Road, Ahmedabad-380015.
M.: 8980036918, 9714077777 E-mail: thaltej@nutanbank.com

**18. Maninagar : ***
1 to 4, Swastik Plaza, Bhairavnath Road, Vallabhwadi, Maninagar, Ahmedabad-380008.
Ph.: 25466650 M.: 8980036919 E-mail: maninagar@nutanbank.com

**19. Changodar :**
Shop No. 12 & 13, Kailash Avenue, Ashvamegh Estate, Sarkhej-Bavla Highway, Changodar, Ahmedabad-382210.
M.: 8980036920 E-mail: changodar@nutanbank.com

**20. Andheri (W) Mumbai :**
Shop No. 5 & 6, Ground Floor, Om-Viraj Co.op.Hos.Society Ltd., Paliram Road, Andheri (West), Mumbai-400058.
Ph.: 022-26205703, 26707165 E-mail: andheri@nutanbank.com

**21. Ring Road, Surat :**
1004-05-06, Krishna Textile Market, Umarwada, Ring Road, Surat-395002.
Ph.: 0261-2349625, 2349626 E-mail: surat@nutanbank.com

**22. Odhav : ***
B-Block, Shop No. 7, Ground Floor, Barcelona Multiple Business Campus, Nr. Odhav Ring Road Circle, Odhav, Ahmedabad-382415.
Ph.: 079-29705780-81 M.: 8980036982 E-mail: odhav@nutanbank.com

**23 Bopal : ***
Shop No. 16 & 17, Ground Floor, Orchid Centre, South Bopal, Opp. Safal Parisar, Bopal, Ahmedabad-380058.
Ph.: 02717-298410, 298491 M.: 8980049281 E-mail: bopal@nutanbank.com

**Demat Department :**
1st Floor, Opp. Samartheshwar Mahadev, Nr. Law Garden, Ellisbridge, Ahmedabad-380006.
Ph.: 26425591, 26564715 E-mail: demat@nutanbank.com

* (With Safe Deposit Vault Facility) # (With Stamp Franking Facility) E (E-Stamping)

# નૂતન નાગરિક સહકારી બેંક લિ.

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

## ડિપોઝીટ પર આકર્ષક વ્યાજ દર

સહકાર અમારો,
સમૃધ્ધિ આપની.

# એક થી બે વર્ષ સુધી... 7.75% p.a.

બે વર્ષથી વધુ અને ત્રણ વર્ષ સુધી.... 7.50 % p.a.

ત્રણ વર્ષથી વધુ અને પાંચ વર્ષ સુધી.. 7.35 % p.a.

સીનીયર સીટીઝન્સને 0.50% વધુ વ્યાજ દર

## Junior Citizen Recurring Deposit Scheme → 7.50% p.a.

(Below 18 Years)

### ડૉક્ટર્સ/હોસ્પિટલ્સ માટે ધિરાણ યોજના

વ્યાજદર (વાર્ષિક) 8.50%* Onwards

- '૦' પ્રિ-પેમેન્ટ પેનલ્ટી
- ધિરાણ ઝડપી અને સરળ પ્રોસેસીંગ

# (શરતોને આધિન)

### હોમ લોન

વ્યાજદર (વાર્ષિક) 8.50%* Onwards

- મહત્તમ રૂા. ૧.૪૦ કરોડ સુધી
- પરત ચૂકવણી - મહત્તમ ૨૦ વર્ષ
- '૦' પ્રિ-પેમેન્ટ પેનલ્ટી

# (શરતોને આધિન)

### કાર લોન

વ્યાજદર (વાર્ષિક) 8.75%* Onwards

- પરત ચૂકવણી - મહત્તમ ૭ વર્ષ
- '૦' પ્રિ-પેમેન્ટ પેનલ્ટી
- ધિરાણ ઝડપી અને સરળ પ્રોસેસીંગ

# (શરતોને આધિન)

### ઉત્પાદકો તથા વેપારીઓ માટે બિઝનેસ બુસ્ટર

વ્યાજદર (વાર્ષિક) 9.00%*

- સિક્યોર્ડ કેશ ક્રેડીટ ફેસેલીટી
- ધિરાણ મર્યાદા : રૂા.૧૦૦ લાખથી ઓછી રકમ માટે

# (શરતોને આધિન)

### પર્સનલ લોન

વ્યાજદર (વાર્ષિક) 13.00%*

- કોઇપણ સિક્યોરીટી વગર

# (શરતોને આધિન)

સહકાર અમારો,
સમૃધ્ધિ આપની.



વધુ માહિતી માટે શાખા મેનેજરનો સંપર્ક કરો

Toll Free No: 1800 233 3737 Visit : www.nutanbank.com

# (શરતોને આધિન)

* વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન

હેડ ઓફિસ : સમર્થેશ્વર મહાદેવ મંદિર સામે, લો-ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન: ૦૭૯ - ૨૬૪૪૩૭૨૪, ૨૬૪૪૪૫૫૮ ઇ-મેઇલ : admin@nutanbank.com

**BOOK-POST**

From :

**નૂતન નાગરિક સહકારી બેંક લિ.**

(મલ્ટી સ્ટેટ-શિડયુલ્ડ બેંક)

રજીસ્ટર્ડ ઓફિસ : સેન્ટ્રલ (એડમીન) ઓફિસ :-
સમર્થેશ્વર મહાદેવ સામે, લૉ-ગાર્ડન પાસે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.